# કલ્ચરલ ફોરમના આંગણે ખેલૈયાઓ મન મૂકીને નાચ્યા












(તસવીર : દિપક જાની)

# સોશ્યલ એકાઉન્ટ તો ખોલી નાંખ્યા પણ 'અપડેટ' કરવાનો સમય નથી

## સીએમ આનંદીબેન સામે પ્રથમ સંકટ કોળી સમાજનું આવ્યું છે

વિધાનસભા અને લોકસભાની ચૂંટણી આવે એટલે રાજકીય નેતાઓ તેમના સોશ્યલ એકાઉન્ટ અપડેટ કરવાના કામમાં લાગી જાય છે પરંતુ ચૂંટણી પૂર્ણ થતાં જ વિસ્તારમાં મતદારોનો સંપર્ક ગુમાવે છે તેમ સોશ્યલ સાઈટમાં પણ મિત્રો સાથે સંપર્કનો સેતૂ કાપી નાંખે છે. ગુજરાતના એવા ઘણાં સંસદસભ્યો અને ધારાસભ્યો છે કે જેમણે ફેસબુક અને ટ્વિટર જેવા એકાઉન્ટો તો ખોલી નાંખ્યા પણ હવે તેને અપડેટ કરવામાં આવતા નહી હોવાથી તે વ્યર્થ સાબિત થયા છે. ગુજરાતીમાં કહેવાય છે કે પહેલા મજબૂરી હતી અને હવે કમજોરી છે....

### ગુજરાતમાં ઉપેન્દ્ર ત્રિવેદીનો ભૂતકાળ છે પણ રજનીકાન્ત નથી

નેતા હૈ તો ક્યા હુઆ, આખીર પબ્લિક હૈ ... રાજકીય નેતાઓને પરેશાન કરવાની ગુસ્તાખી કોઈ વહીવટી તંત્રના ઓફિસર કરી શકતા નથી પરંતુ આપણી અદાલતોને એ પાવર છે. ફોર્થ એસ્ટેટ પૈકીનું આપણું ન્યાયતંત્ર ઘણીવાર એવા કપરા ચૂકાદા આપતું હોય છે કે જેનાથી પોલિટીશિયનો ગભરાઈ રહ્યાં છે. જયલલીથાના કેસમાં પણ આવું જ થયું છે. તામિલનાડુમાં સુપરપાવર સત્તા ભોગવી રહેલા આ ચીફ મિનિસ્ટરને આવક કરતાં વધુ સંપત્તિ રાખવાના કેસમાં ચાર વર્ષની જેલની સજા થઈ છે. ઈતિહાસ તપાસો, ૧૯૮૦માં એમ.કરૂણાનિધિ, ૧૯૭૪માં ચીમનભાઈ પટેલ, ૨૦૦૮માં મધુ કોડા, ૧૯૯૭માં લાલુપ્રસાદ યાદવ, અને ૨૦૧૧માં યેદુરપ્પાને સત્તા ગુમાવવી પડી છે. આપણા ભૂતપૂર્વ ગૃહમંત્રી અમિત શાહને પણ જેલમાં જવું પડ્યું હતું. ન્યાયતંત્ર સક્રિય બન્યું છે, જે રાજકીય નેતાઓ માટે સૌથી મોટો પડકાર છે...

### ખાણી-પીણીના બિઝનેસમાં તો 'મેઈક ઈન ગુજરાત' કહેવું પડે

**ચીફ મિનિસ્ટરની સાઇટ્સ અપ ટુ ડેટ ...**

**ટાઈમ લાઈન**
**- ગૌતમ પુરોહિત**

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારમાં પ્રધાનોને સોશ્યલ સાઈટ્સમાં તેમના વિભાગોની પ્રવૃત્તિઓ તેમજ અપડેટ્સ અંગે સ્પષ્ટ સૂચના મળ્યા પછી તમામ પ્રધાનો સોશ્યલ સાઈટ્સમાં મશગૂલ છે.



ઘણાં એવા પ્રધાનો છે કે જેઓ જાતે જ ટ્વિટર સાઈટને મેનેજ કરે છે. એથી ઉંધુ ગુજરાતમાં પ્રધાનોને સોશ્યલ

● અનુસંધાન પાન-૭ પર

# આસોમાં ભાદરવાનો તાપ

## આસો આકરો બન્યો : પારો ૩૬ ડિ.સે. પહોંચ્યો

## શહેરીજનો બપોરે તાપ અને સાંજે બફારાથી પરેશાન

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરમાં ભાદરવા બાદ આસો આકરો સાબિત થઈ રહ્યો છે. ઋતુ ચક્રમાં પરિવર્તન આવતા શહેરીજનો હાલ એક સાથે ત્રેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. શહેરમાં હાલ તાપમાનનો પારો સતત ૩૫-૩૬ ડિ.સે. નોંધાઈ રહ્યો છે. પરિણામે શિયાળાના પ્રારંભે જ શહેરીજનો ગરમી અને બફારાના લીધે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. સવારે ઠંડી બપોરે ગરમી અને રાત્રિ દરમિયાન પણ ઠંડીનો ચમકારો લાગતા એક સાથે ત્રેવડી ઋતુના કારણે નાગરિકો રોગનો ભોગ બની રહ્યા છે.

ગાંધીનગર શહેરના વાતાવરણમાં ધીમેધીમે પલ્ટો આવી રહ્યો છે. ઋતુ ચક્રમાં ફેરફાર થતા એક સાથે ત્રણ ઋતુઓનો શહેરીજનો ભોગ બની રહ્યા છે. આજે સવારે ભેજનું પ્રમાણ ૭૮ ટકા નોંધાતા તાપમાનનો પારો ૩૬ ડિ.સે. પહોંચતા નાગરિકો પણ હાલ ઉનાળા જેવી ગરમીનો અનુભવ કરી રહ્યા છે. જયારે લઘુત્તમ તામપાનનો પારો ૨૬ ડિસે. નોંધાયો હતો. ઋતુ પરિવર્તનના પગલે શહેરીજનોને તાપ સતાવી રહ્યો છે. આકરા તાપ વચ્ચે શહેરીજનો ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આકરી ગરમી વચ્ચે લોકો પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે. બપોરના તાપ અને રાત્રિના બફારાથી નવરાત્રિ પર્વે ખેલૈયાઓ ભારે ત્રાહીમામ પોકારી રહ્યા છે. બીજી તરફ બેવડી ઋતુઓની સાથે બિમારીઓમાં પણ નોંધપાત્ર વધારો નોંધાયો છે. રાત્રિ દરમિયાન ઠંડા પવનને લીધે તાવ, શરદી, ખાંસી વગેરે કેસોમાં વધારો નોંધાયો છે. ભેજનું પ્રમાણ પણ વધતા શ્વાસના દર્દીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. હાલ ઉનાળા જેવી ગરમીનો અનુભવ કરતા શહેરીજનો સવારે અંગ દઝાડતા તાપ અને સાંજે બફારાના લીધે ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે.

# ચેઈન સ્નેચર્સ પુનઃ સક્રીય ત્રણ મહિલાઓના દોરા તુટ્યા

## સે. ૭, સે. ૨ અને રાયપુર કેનાલ પાસે ડબલ સવારી બાઈક પર આવતા શખ્સોએ ચેઈન સ્નેચીંગ કર્યું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર તથા આસપાસના વિસ્તારમાં ચેઈન સ્નેચીંગના બનાવો વધવા લાગ્યા છે. બે દિવસમાં ગાંધીનગર શહેરના સે. ૨ તથા સે. ૭ વિસ્તારમાં તથા રાયપુર કેનાલ પાસે ચાલુ બાઈક પર મહિલાના ગળામાંથી દોરો ખેંચાયાની ઘટના બની છે. બે દિવસમાં ત્રણ સ્થળોએ ચેઈન સ્નેચીંગના ગુનાઓ બન્યા છે.

સેક્ટર-૬ માં રહેતા મહિલા પ્રોફેસર ગઈકાલે સે. ૭ ચૌધરી સ્કૂલ સામેના માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બાઈક પર ડબલ સવારી આવેલા ચેઈન સ્નેચર્સે તેમના ગળામાં હાથ મારીને સોનાનો દોરો આંચકી લીધો હતો અને પળવારમાં બન્ને શખ્સો બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસ ફરીયાદ નોંધાઈ નથી. જ્યારે આજે સેક્ટર-૨-એ પ્લોટ નં. ૧૨૩૩ ની સામેથી પસાર થતી એક મહિલાને નિશાન બનાવીને ડબલ સવારી આવેલા શખ્સોએ તેમના ગળામાં જાપટ મારી સોનાનો દોરો ખેંચી લીધો હતો અને ચેઈન સ્નેચીંગ કરીને બન્ને શખ્સો બાઈકમાં રફુચક્કર થઈ ગયા હતા. આજે બપોરે બનેલા આ બનાવ અંગે

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર કોમ્પ્યુર હોર્ડવેર એસોસીએશનના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર કોમ્પ્યુટર હાર્ડવેર એસોસિએશનની સાધારણ સભા મળી હતી. બેઠકમાં હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ઉરેન પટેલ, ઉપપ્રમુખ તરીકે શૈલેષ પટેલ અને મંત્રી તરીકે જગદીશ દુધાત, સહમંત્રી તરીકે સંદીપ કોટેચા, ખજાનચી તરીકે કૌશિક પટેલ, ખજાનચી તરીકે વિપુલ પટેલ, સહ ખજાનચી તરીકે વિજય ત્રિવેદી અને ફિટાગ કો.ઓડીનેટર તરીકે વિપુલ દવેની વરણી કરવામાં આવી છે.



# આજે પાંચમા નોરતે સ્કંધ માતાજીની પૂજા

## આજે નવરાત્રી પર્વ તેના મધ્યમાં પહોંચી ગયુ, ચો તરફ પૂજન-અર્ચન અને ગરબાનો માહોલ

ગાંધીનગર, તા. ૨૮

જગત જનની આદ્યશક્તિના નવરાત્રી પર્વને સૌ કોઈ આનંદ અને ઉત્સાહથી ઉજવી રહ્યા છે. માતાજીનું આ મહાપર્વ તેના મધ્યમાં આવી ગયું છે. ચાર દિવસ માતાજીના ચાર સ્વરૂપોના પૂજન અર્ચન થઈ ગયા અને માતાજીની શ્રદ્ધાપૂર્વક ગરબા રમી તેની કૃપા મેળવવાના પ્રયાસો ચાલુ છે ત્યારે આજે પાંચમા દિવસે પાંચમુ સ્વરૂપ દેવી સ્કંધમાતાનું પૂજન અર્ચન કરી તેની અસીમ કૃપા પ્રાપ્ત કરવા પૂજન અર્ચન થશે.



નવરાત્રીમાં જગદંબાની સાધના અને આધ્યાત્મનો અનોરો સંગમ રચાય છે. માઁ દુર્ગાની સ્તુતિ, કળશ સ્થાપના, ધુપ-અગરબત્તીની સુગંધ નવ દિવસ સુધી લગાતાર ચાલવાની છે. ત્યારે માતાજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા નવરાત્રીમાં સપ્તશતીના પાઠ કરવા જોઈએ જેથી માતાજી ખુશ થાય છે. નવરાત્રીમાં ચાર સ્વરૂપોની પૂજા થઈ ગઈ છે આજે પાંચમા સ્વરૂપ સ્કંધમાતાની પૂજા-અર્ચના કરવામાં આવશે.

આદ્યશક્તિનું આ મમતામયીરૂપ છે. માતાજીના ખોળામાં સ્કંધ એટલે કે કાર્તિકેય સ્વામીને લઈને બિરાજમાન માતાનું સતરૂપ જીવનમાં સુખ, શાંતિ, સ્નેહ, ઈચ્છાપૂર્તિ અને સંવેદનાનું પ્રતિક છે. ભગવાન સ્કંધ (કાર્તિકેય) પ્રસિદ્ધ દેવાસુર સંગ્રામમાં દેવતાઓના સેનાપતિ બન્યા હતા અને ભગવાન સ્કંધની માતા હોવાથી દુર્ગાના આ રૂપને સ્કંધમાતા તરીકે પૂજાયા છે. કહેવાય છે કે સ્કંધમાતા કી પૂજાથી તમામ મનોરથ પૂર્ણ થાય છે અને આ દિવસે સાધકનું મન 'વિશુધ્ધ' ચકમાં અવસ્થિત હોય છે જેથી માતાજીના આ સ્વરૂપને પૂજવાથી શાંતિ અને સુખનો અનુભવ થાય છે અને માતાજીની ઉપાસનાથી બાલરૂપ સ્કંધ ભગવાનની પણ આપોઆપ ઉપાસના થઈ જાય છે. સુર્યમંડળની આધિષ્ઠાત્રી દેવી હોવાથી સ્કંધમાતાની પૂજા કરવાવાળા ભક્તો અલૌકિક તેજ અને ક્રાંતિથી સંપન્ન બને છે. ચાર ભૂજાધારી સ્કંધમાતા કમળના આસન ઉપર પણ સનની મુદ્રામાં બિરાજમાન રહે છે. સિંહ અને મયુર માતાજીના વાહન છે.

આનંદ, ઊર્જા અને ઉપાસનાના આ ત્રિવેણી સંગમ સમા શક્તિના પર્વ નવરાત્રીને ચો તરફ પૂજન, અર્ચન અને ગરબા થકી ધામધૂમપૂર્વક ઉજવાઈ રહ્યું છે. માતાજીની સૌ માઈ ભક્તો ઉપર અસીમ કૃપા વરસી હોય તેમ સૌ કોઈ જગત જનની જગદંબાના આ પર્વમાં ઓતપ્રોત બન્યા છે. માતાજીના જપ, તપ અને વ્રતના મહિમા સાથે હવે હોમ-હવનની પણ તૈયારીઓ આરંભાઈ ચુકી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com